...ના ઘર જતી રહ્યા પછી પરિણીતા જાન્યુઆરી-૨૦૧૯માં સાસુ-સસરા પાસે મૂકી ગઈ હતી. હવે, પરિણીતાએ અચાનક આવીને 'મારે પુત્રીને લઈ જવી છે' તેવી માગણી કરી હતી.

પૌત્રીને આપવાની ના પાડતાં પુત્રવધૂએ સાસુ-સસરા ઉપર હુમલો કર્યો હતો. પુત્રવધૂ, તેના ભાઈ અને ભાભી માર મારીને પૌત્રીને લઈ ગયાની ફરિયાદ નારણપુરા પોલીસમાં નોંધાવાઈ છે.

... રજૂઆત કરી હતી. તેમણે કહ્યું હતું કે, આ માર્ગ પર અવારનવાર અકસ્માતો થાય છે અને તેના કારણે લોકોના મોત થાય છે એટલે આ માર્ગ પર તાત્કાલિક ફ્લાય ઓવર બનાવવા જાહેરાત થવી જોઈએ.

તેમની આ રજૂઆતના જવાબમાં નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે કહ્યું હતું કે, તમારી વાત-રજૂઆત સાચી છે. અમદાવાદના ભાજપના પણ લગભગ તમામ ધારાસભ્યોએ આ બાબતે સરકાર સમક્ષ રજૂઆતો કરી છે. આ એકદમ

... સરકાર બાબતે કોઈ નિર્ણય ... તો ગુજરાત સરકાર તે ... તૈયાર રહેશે.

આ તબક્કે કોંગ્રેસના ધારાસ... ગ્યાસુદ્દીન શેખે કહ્યું હતું કે, કેન્દ્ર... પણ ભાજપની જ સરકાર હોવા... ભાજપના ધારાસભ્યોની રજૂઆત... પગલે ગુજરાત સરકારે આ બાબ... કેન્દ્રમાંથી મંજૂરી મેળવવી જોઈએ... એના જવાબમાં મંત્રીએ એમ ક... હતું કે, ગુજરાત સરકાર આ બાબ... વિચારણા કરી જ રહી છે.

# ઉમિયા કોલેજ કેમ્પસ બહાર રોમિયોગીરી કરતાં પકડાયો

## પોલીસની 'SHE' ટીમે પહેલો આરોપી ઝડપ્યો

**નવગુજરાત સમય** > અમદાવાદ

જાહેર રસ્તાઓ, સ્કૂલ-કોલેજો બહાર છેડતીના બનાવો રોકવા માટે ઝોન-1 પોલીસની 'SHE' ટીમ બનાવવામાં આવી છે. સોલા મહિલા પોલીસની 'SHE' ટીમે ઉમિયા કોલેજ કેમ્પસ બહાર રોમિયોગીરી કરતાં એક શખ્સને પકડી પાડ્યો છે.

ઝોન-૧ની મહિલા પોલીસ સ્કવોડ બપોરે સવા બાર વાગ્યાના અરસામાં સોલા ભાગવત પાસે ઉમિયા કોલેજ કેમ્પસ બહાર પહોંચી હતી. આ સમયે બાઈક લઈને આવેલો એક શખ્સ કોલેજમાં આવતી-જતી છોકરીઓ સામે છાજે નહીં તેવું બિભત્સ વર્તન કરતો હતો.

મહિલા પોલીસની ટીમે આ શખ્સને ઝડપી લઈ પૂછપરછ કરી હતી. ચાણક્યપુરી વિસ્તારમાં રહેતા અને કલરકામનો વ્યવસાય કરતા શુભમ ગજેન્દ્રસિંહ રાજપૂત (ઉ.વ. ૧૯) નામના શખ્સને ઝડપી લઈ કોલેજની બહાર રોમિયોગીરી કરવા અંગે સોલા પોલીસમાં વિધિવત ફરિયાદ નોંધીને કાયદેસર કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે, જાહેરમાં બહેન-દિકરીઓ સાથે અણછાજતું વર્તન, છેડતી કરતાં તત્વોને 'પદાર્થપાઠ' ભણાવવા માટે મહિલા પોલીસની 'SHE' ટીમ બનાવવામાં આવી છે. પશ્ચિમના ઝોન-૧ વિસ્તારમાં 'SHE' ટીમે પહેલો કેસ કરી રોમિયાને ઝડપી પાડ્યો છે.

કાર્યવાહી | વડનગર...

# મહિલા કોન...

» કાલુપુરમાં કોન્સ્ટેબલ ફાલ્ગુની શ્રીમાળીએ ચાંદખેડાના ઘરમાં ગળાફાંસો ખાધો હતો

**નવગુજરાત સમય** > અમદાવાદ

કાલુપુર પોલીસ સ્ટેશનના મ... કોન્સ્ટેબલ ફાલ્ગુની શ્રીમાળીને આપ... કરવા મજબૂર કરવા બદલ વડ... ગામમાં રહેતા તેમના ૧૧ પાડોશી... પોલીસ ફરિયાદ નોંધવામાં આવી છે... તા. ૧૮ જૂનના રોજ ચાંદખેડા ખ... ઘરમાં ગળાફાંસો ખાઈ લેનાર ફાલ્ગુ... પાડોશીઓના ત્રાસથી વડનગર '... છોડવું પડ્યાની વેદનાથી અંતિમ ... ભર્યાની સ્યુસાઈડ નોટ લખી હતી.

કાલુપુર પોલીસ સ્ટેશનમાં કોન્સ્... ફાલ્ગુની વિનોદભાઈ શ્રીમાળી (... ૨૮)એ તા. ૧૮ જૂને ચાંદખેડાના ...